ઇન્વર્ડ ક્રમાંક ન-૨૩૦૫૧ તા:૨૬/૦૭/૨૦૨૩

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
આરોગ્ય ભવન, હેલ્થ જન્મ-મરણ વિભાગ,ગ્રાઉન્ડ ફ્લોર,
જુના ગીતામંદિર બસ સ્ટેન્ડ સામે, ગીતા મંદિર રોડ.
અમદાવાદ-૩૮૦૦૨૨, ફોન નં-૦૭૯-૨૫૩૯૦૬૫૧
E-mail: amcrbd@gmail.com

U20 AHMEDABAD 2023

**મ્યુનિસિપલ કમિશ્નરશ્રી નો પત્ર**

વર્ગી નંબર :- ૨૨ તા. ૨૪/૦૭/૨૦૨૩

ખાતાનું નામ : હેલ્થ ખાતુ
(હેલ્થ જન્મ-મરણ વિભાગ)

વિષય:- ધી ગુજરાત ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ,૨૦૨૧ વિધાનસભામાં પસાર કરવામાં આવેલ હોઈ અને ધી ગુજરાત ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) રૂલ્સ-૨૦૨૨ ઘડવામાં આવ્યા જે તા.૨૮/૦૯/૨૦૨૨ ના ગેજેટ નોટીફીકેશન પ્રસિદ્ધ કરવામાં આવ્યા તારીખથી ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ,૧૯૪૯ રદ કરવામાં આવેલ છે, જે એક્ટ હેઠળ હોસ્પિટલ તથા નર્સિંગ હોમની નોંધણી માન્ય ન ગણવા તથા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન ખાતે હેલ્થ ખાતા દ્વારા ઇસ્યુ કરવામાં આવતા ફોર્મ-સી રજીસ્ટ્રેશન અંગેની કાર્યવાહી બંધ કરવા મ્યુનિ.કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર ની મંજુરી મેળવવામાં આવેલ હોય સદર બાબતની સ્ટેન્ડિંગ કમિટીની મંજુરી મેળવી આપવા બાબત.

---

મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી,

સંદર્ભ:- (૧) ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ,૨૦૨૧.
(૨) ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજીસ્ટ્રેશન અને નિયમન) નિયમો, ૨૦૨૨, તા.૨૬/૦૯/૨૦૨૨.
(૩) ઉપસચિવ શ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ફાઈલ ક્રમાંક: ગકઅ / ૧૦૨૦૨૧ / ૧૩૧૪ / અ તા.૦૬/૦૩/૨૦૨૩ પરિપત્ર.
(૪) કલેકટરશ્રી, અમદાવાદ જીલ્લા, ધી ગુજરાત ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) રૂલ્સ-૨૦૨૨ અંતર્ગત રજીસ્ટ્રીંગ ઓથોરીટી સમિતિ કાર્યવાહી નોંધ.
(૫) સંયુક્ત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, પત્ર ક્ર. HFWD/MSM/e- FILE / 2023 / 3812 /A DATE:04/07/2023.
(૬) માન. મ્યુનિ.કમિશ્નરશ્રી, ઠરાવ નંબર - ૬ તા.૧૭/૦૭/૨૦૨૩ થી મેળવેલ મંજુરી.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અમદાવાદ શહેર હદ વિસ્તારમાં આવેલ ખાનગી નર્સિંગ હોમ / હોસ્પિટલના ન્યુ/રીન્યુઅલ રજીસ્ટ્રેશનની કામગીરી "ધી બોમ્બે નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૪૯" ની કલમ પાંચ અંતર્ગત હેલ્થ ખાતા દ્વારા સંચાલિત જન્મ-મરણ ખાતા દ્વારા નિયમોનુસાર પુરાવાઓ લઈને રજીસ્ટ્રેશન કરવામાં આવે છે.

અમદાવાદ શહેરમાં નર્સિંગ હોમ / હોસ્પિટલના રજીસ્ટ્રેશન અંગેની કામગીરી અંદાજે વર્ષ ૧૯૯૫ થી કરવામાં આવે છે. ખાતા પાસે ઓન રેકોર્ડ ઉપલબ્ધ માહિતી મુજબ વર્ષ ૨૦૦૧-૨૦૦૨ ના ઠરાવ નંબર-૭૬, કામ નંબર-૨ તા.૨૫/૦૧/૨૦૦૨ થી સ્ટેન્ડિંગ કમિટીની મંજુરી મેળવીને નર્સિંગ હોમ / હોસ્પિટલની અરજી ફી, રજીસ્ટ્રેશન ફી, રીન્યુઅલ ફી સ્ટ્રક્ચર રિવાઈઝ્ડ કરવામાં આવેલ છે. સદર નર્સિંગ હોમ / હોસ્પિટલની રજીસ્ટ્રેશન વેલિડીટી વધુમાં વધુ પાંચ (૫) વર્ષ માટે ફી લઈને ફોર્મ સી ઇસ્યુ કરવામાં આવતું હતું.

ત્યારબાદ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ ના સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ નંબર-૩૫, કામ નંબર-૨ તા.૨૭/૦૪/૨૦૧૨ થી સ્ટેન્ડિંગ કમિટીની મંજુરી મેળવીને નર્સિંગ હોમ / હોસ્પિટલની અરજી ફી, રજીસ્ટ્રેશન ફી, રીન્યુઅલ ફી નુ સ્ટ્રક્ચર રિવાઈઝ્ડ કરવામાં આવેલ છે. સદર નર્સિંગ હોમ / હોસ્પિટલની રજીસ્ટ્રેશન વેલિડીટી વધુમાં વધુ પાંચ (૫) વર્ષ માટે ફી લઈને ફોર્મ સી ઇસ્યુ કરવામાં આવતું હતું. ખાનગી નર્સિંગ હોમ/ હોસ્પિટલનું ધી બોમ્બે નર્સિંગ હોમ્સ રજીસ્ટ્રેશન એક્ટ,

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
આરોગ્ય ભવન, હેલ્થ જન્મ-મરણ વિભાગ,ગ્રાઉન્ડ ફ્લોર,
જુના ગીતામંદિર બસ સ્ટેન્ડ સામે, ગીતા મંદિર રોડ.
અમદાવાદ-૩૮૦૦૨૨, ફોન નં-૦૭૯-૨૫૩૯૦૬૫૧
E-mail: amcrbd@gmail.com

૧૯૪૯ની કલમ પાંચ હેઠળ રજીસ્ટ્રેશન કરાવતી વખતે ડોક્ટરનું ડીગ્રી સર્ટીફીકેટ, મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડનું ઓથોરાઈઝેશન સર્ટીફીકેટ, પ્રાઇવેટ બાયોમેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ કંપનીનું સર્ટીફીકેટ, પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ, ફાયર સેફ્ટીનું સર્ટીફીકેટ, હોસ્પિટલ / નર્સિંગ હોમ બિલ્ડીંગનું બી.યુ.પરમીશન અને પ્લાનની નકલ લેવામાં આવે છે. અમદાવાદ શહેરના ઘણા વિસ્તારોમાં કોમ્પ્લેક્ષમાં હોસ્પિટલ ચાલે છે. હોસ્પીટલમાં વપરાતા કેમિકલ્સ, ગેસ તથા અન્ય હેવી સાધનોના કારણે અકસ્માતોનો ભય રહે છે. જેથી ફાયર સેફ્ટીનું સર્ટીફીકેટ (એન.ઓ.સી.) પણ ફરજીયાત લેવામાં આવેછે, તથા સદર ફાયર એન.ઓ.સી. દર વર્ષે જ તે હોસ્પીટલે ફાયર ખાતા મારફતે રીન્યુ કરાવવાનું હોય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નર્સિંગ હોમ/ હોસ્પિટલની અરજી મુજબ એક વર્ષથી વધુમાં વધુ પાંચ વર્ષ માટે હોસ્પિટલ / નર્સિંગ હોમનું ધી બોમ્બે નર્સિંગ હોમ્સ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ પાંચ હેઠળ નોંધણી કરવામાં આવતી હતી. પરંતુ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગ દ્વારા માત્ર એકજ વર્ષ માટે ફાયર એન.ઓ.સી. ઇસ્યુ કરવામાં આવતું હોઈ તથા શ્રેય હોસ્પિટલમાં આગ અકસ્માતની ઘટના તા.૦૬/૦૮/૨૦૨૦ ના રોજ થયેલ જેમાં COVID-19 ના ૮ દર્દીઓના દુઃખદ અવસાન થતા જ્યાં સુધી કાયમી નીતિ નક્કી ના થાય ત્યાં સુધી COVID-19 પાન્ડેમીક સમયમાં શહેરના મધ્યમવર્ગના નાગરિકોને ઇન્ડોર સારવાર માટે ખાનગી નર્સિંગહોમ / હોસ્પિટલોમાં મેડીક્લેઈમ સુવિધાઓનો લાભ મળે તે હેતુથી હાલમાં, હોસ્પિટલ / નર્સિંગ હોમની નોંધણી ધી બોમ્બે નર્સિંગ હોમ્સ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ પાંચ હેઠળ ન્યુ / રીન્યુઅલ રજીસ્ટ્રેશન માટે આવેલ અરજીઓમાં એક વર્ષ માટે જરૂરી પુરાવાઓ, બાંહેધરી રજુ કર્યેથી રજીસ્ટ્રેશન / રીન્યુઅલ કરવાની કાર્યવાહી વચગાળાના રસ્તા તરીકે કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧ દરમ્યાન અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ એસોસીએશન અને અમદાવાદ મેડીકલ એસોસીએશન દ્વારા અમદાવાદ શહેરના નર્સિંગ હોમ / હોસ્પિટલના રજીસ્ટ્રેશનની મુદત વધારવા રજુઆતો કરવામાં આવેલ. જે ધ્યાને લઇ નર્સિંગ હોમ / હોસ્પિટલોમાં ધી બોમ્બે નર્સિંગ હોમ્સ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ પાંચ હેઠળ ન્યુ / રીન્યુઅલ રજીસ્ટ્રેશન કરવા માટે નીચે જણાવેલ નીતિ-નિયમો નક્કી કરવાની જરૂરીયાત ઉદ્દભવતા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના માન. મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની તા.૧૭/૧૨/૨૦૨૧, ઠરાવ નંબર-૭ થી હયાત ધી બોમ્બે નર્સિંગ હોમ્સ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૪૯ની કલમ પાંચ હેઠળ નર્સિંગ હોમ / હોસ્પિટલના ન્યુ / રીન્યુઅલ રજીસ્ટ્રેશન કાર્યપધ્ધતીમાં શરતો આધિન જરૂરી કાર્યવાહી કરવા મંજુરી આપવામાં આવેલ. સદર મંજુરીમાં નર્સિંગ હોમ / હોસ્પિટલના ન્યુ / રીન્યુઅલ રજીસ્ટ્રેશન સમયે નગર વિકાસ ખાતાનો પોઝીટીવ અભિપ્રાય આવ્યે થી અમદાવાદ શહેરમાં આવેલ ખાનગી નર્સિંગ હોમ / હોસ્પિટલને હાલમાં વધુમાં વધુ ૩ વર્ષ માટે ફોર્મ-સી ઇસ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન આશરે ૧૧૨૫ જેટલી હોસ્પિટલની આવેલ અરજી સામે નગર વિકાસ ખાતેથી પોઝીટીવ અભિપ્રાય વાળી ૯૮૩ અરજીઓમાં ફોર્મ સી ઇસ્યુ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ તા.૨૦-૦૭-૨૦૨૩ અંતિત ૩૦૪ જેટલી હોસ્પિટલની આવેલ અરજી સામે નગર વિકાસ ખાતેથી પોઝીટીવ અભિપ્રાય વાળી ૨૩૨ અરજીઓમાં ફોર્મ સી ઇસ્યુ કરવામાં આવેલ છે.

સંયુક્ત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, પત્ર ક્ર. HFWD/MSM/e- FILE / 2023 / 3812 /A DATE:04/07/2023 માં જણાવ્યા મુજબ.....

*રાજ્યમાં હોસ્પિટલો, ક્લીનીક, નર્સિંગ હોમ વિગેરે ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટના નોંધણી અને નિયમન માટે ધ ગુજરાત ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટસ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ,૨૦૨૧ વિધાનસભામાં પસાર કરવામાં*

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
આરોગ્ય ભવન, હેલ્થ જન્મ-મરણ વિભાગ,ગ્રાઉન્ડ ફ્લોર,
જુના ગીતામંદિર બસ સ્ટેન્ડ સામે, ગીતા મંદિર રોડ.
અમદાવાદ-૩૮૦૦૨૨, ફોન નં-૦૭૯-૨૫૩૯૦૬૫૧
E-mail: amcrbd@gmail.com

U20 AHMEDABAD

આવેલ છે. ઉક્ત એક્ટને તા.૧૩/૦૯/૨૦૨૨ ના રોજ રાજ્યમાં અમલમાં લાવવામાં આવેલ છે. તથા ઉક્ત એક્ટ અન્વયે રાજ્યમાં તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ ધ ગુજરાત ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટસ (રજીસ્ટ્રેશન અને રેગ્યુલેશન) રૂલ્સ ૨૦૨૨ ઘડવામાં આવ્યા જે તા.૨૮/૦૯/૨૦૨૨ ના ગેઝેટ નોટીફીકેશનથી પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આ એક્ટ અમલમાં આવતા રાજ્યમાં હવે ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ,૧૯૪૯ રદ કરવામાં આવેલ છે. આથી, હવે આ એક્ટ હેઠળની હોસ્પિટલ તથા નર્સિંગ હોમની નોંધણી ફોર્મ સી રજીસ્ટ્રેશન માન્ય ગણાશે નહિ.

પરંતુ, હાલમાં આ બાબતે ધ્યાન પર આવેલ છે કે રાજ્યમાં મોટા ભાગની મ્યુનિસિપલ કોર્પોરેશન તથા મ્યુનિસિપાલિટી દ્વારા ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૪૯ હેઠળ નોંધણી કરવાની ચાલુ છે. આથી, જ્યારે રાજ્યમાં ધી ગુજરાત ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૨૦૨૧ અમલમાં હોઈ અને ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૪૯ રદ થયેલ હોઈ આ કાયદા હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા મ્યુનિસિપાલિટીને ઉક્ત હેઠળની નોંધણી નહિ કરવા સુચના આપવા વિનંતી છે. વધુમાં, મ્યુનિસિપલ કોર્પોરેશન તથા મ્યુનિસિપાલિટી દ્વારા અગાઉ ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૪૯ હેઠળ નોંધણી કરેલ હોસ્પિટલો, નર્સિંગ હોમ્સ વગેરે ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ અંગેની વિગતો ઉપલબ્ધ કરવી.

ઉપરોક્ત હકીકત ધ્યાને લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઇસ્યુ કરવામાં આવતા ફોર્મ સી રજીસ્ટ્રેશન / રીન્યુઅલની કામગીરી બંધ કરવાની થાય છે. તદ્દપરાંત, અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ એસોસીએશનની રજૂઆત મુજબ જે સંજોગોમાં ઇન્સ્યોરન્સ, સરકારી યોજનાઓ તથા અન્ય માટે જ્યારે પણ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની જરૂર હોય ત્યારે ગુમાસ્તા ધારાનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ સર્ટીફીકેટ માન્ય રાખવાનું રહેશે.

ઉપરોક્ત હકીકતોથી વિદિત થઇ ધી ગુજરાત ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ,૨૦૨૧ વિધાનસભામાં પસાર કરવામાં આવેલ, તા.૧૩/૦૯/૨૦૨૨ ના રોજ રાજ્યમાં અમલીકરણ થયેલ અને તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ ધી ગુજરાત ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) રૂલ્સ-૨૦૨૨ ઘડવામાં આવ્યા જે તા.૨૮/૦૯/૨૦૨૨ ના ગેજેટ નોટીફીકેશન પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જે એક્ટ અમલમાં આવતા ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ,૧૯૪૯ રદ કરવામાં આવેલ છે. સંદર્ભ પત્ર (૫) થી ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ,૧૯૪૯ હેઠળ કાર્યવાહી ન કરવા સુચના મળેલ હોઈ, અમદાવાદ શહેરમાં આવેલ ખાનગી નર્સિંગ હોમ / હોસ્પિટલ ને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન ખાતે હેલ્થ ખાતા દ્વારા ઇસ્યુ કરવામાં આવતા ફોર્મ-સી રજીસ્ટ્રેશન અંગેની કાર્યવાહી બંધ કરવા મ્યુનિ.કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર ની મંજુરી મેળવવામાં આવેલ હોય સદર બાબતની સ્ટેન્ડિંગ કમિટીની મંજુરી મેળવી આપવા વિનંતી છે.

On leave

તા.૨૧/૦૭/૨૦૨૩ — રજીસ્ટ્રાર 23, હેલ્થ જન્મ-મરણ

એડી.એમ.ઓ.એચ.

આરોગ્ય અધિકારી 21-7-23

ડે.મ્યુનિ.કમિશ્નર(હેલ્થ)

મ્યુનિસિપલ કમિશ્નર